# ૧૬. મારું ગુજરાત

9HH6SS

સૌથી નોખું સૌથી પ્યારું, પ્યારું છે ગુજરાત મારું,
પળ - પળ હું એને વિચારું, વહાલું છે ગુજરાત મારું.
ગાંધીબાપુએ શણગાર્યું, સરદારે જેને નિખાર્યું,
એના પર સઘળું હું વારું, પ્યારું છે ગુજરાત મારું.
નર્મદા, મહીસાગર, તાપી, કુદરતે લોકમાતા આપી,
લાગે છે એ બહુ અલગારું, પ્યારું છે ગુજરાત મારું.
ખેતર સાથે, હરિયાળી પણ, પર્વતો પણ, છે અહીં રણ,
ધારણાથી વધારે સારું, પ્યારું છે ગુજરાત મારું.
ગર્વ છે કે હું ગુજરાતી, દુનિયા આ જોઈ લલચાતી,
શ્વાસે શ્વાસે હું પોકારું, પ્યારું છે ગુજરાત મારું.



## શબ્દાર્થ

નોખું – જુદું, અનેરું ; નિખારવું – સુંદર બનાવવું ; અલગારું – નિરાળું ; ગર્વ – અભિમાન, ગુમાન ; પોકારવું –બોલાવવું ; હરિયાળી – લીલીછમ ;વારવું – આપી દેવું.

## શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા



- બાળકોના વતન વિશેની જાણકારી મેળવવાના પ્રશ્નોત્તર
- ગુજરાત રાજ્યની વિશેષતાની માહિતીનું સંકલન
- ગુજરાતના નેતાઓ, નદીઓ, પર્વતો, ખેતરો વિશે ચર્ચા
- ભારતની વિશેષતામાં ગુજરાતના યોગદાન વિશે ચર્ચા
- ગુજરાતી હોવાના અભિમાન બાબત ચર્ચા



## સ્વાધ્યાય

સ. ૧ એક શબ્દમાં જવાબ લખો.

૧) ગુજરાતને કોણે શણગાર્યું છે ? ..............................................

૨) ગુજરાતને કોણે નિખાર્યું છે ? ..............................................

૩) કવિએ અલગારું કોને કહ્યું છે ? ..............................................

૪) કવિને શું હોવાનો ગર્વ છે ? ..............................................

સ. ૨ ખાલી જગ્યામાં કવિતામાંથી યોગ્ય શબ્દ મૂકી પંક્તિ પૂર્ણ કરો.

૧) સૌથી નોખું સૌથી .................................. મારું.

૨) પળ – પળ હું ....................................... મારું.

૩) નર્મદા, મહીસાગર, ................................ આપી.

૪) ખેતર સાથે, .................... અહીં રણ.

સ. ૩ ગુજરાતના 'ગુજરાતી' લોકો તેમ નીચેના રાજ્યના લોકોને શું કહેવાય ?

| | | | |
|---|---|---|---|
| ૧) પંજાબ | – .................... | ૨) બંગાળ | – .................... |
| ૩) મદ્રાસ | – .................... | ૪) બિહાર | – .................... |
| ૫) કાશ્મીર | – .................... | ૬) મહારાષ્ટ્ર | – .................... |

સ. ૪ કવિતામાં આવતાં નામ શોધીને લખો.

.................... .................... .................... ....................

.................... .................... .................... ....................

.................... .................... .................... ....................

સ. ૫ નદીને લોકમાતા શા માટે કહેવાય છે ?
તે વિશે વર્ગશિક્ષકની ઉપસ્થિતિમાં મિત્રો સાથે ચર્ચા કરો.

## વિશેષ

નીચેના શબ્દો જોઈજોઈને ફરીથી લખો.

| | |
|---|---|
| ૧) પ્યારું – ........................ | ૨) શણગાર્યું – .................. |
| ૩) નિખાર્યું – ...................... | ૪) નર્મદા – .................. |
| ૫) પર્વત – ........................ | ૬) ગર્વ – .................. |
| ૭) શ્વાસ – ...................... | ૮) હરિયાળી – .................. |

## ઉપક્રમ

ગુજરાતના કોઈ પાંચ જોવાલાયક સ્થળોનાં ચિત્રો ભેગાં કરી પ્રોજેક્ટબુકમાં ચોંટાડો.

## હું વાંચું .... તમે પણ વાંચો



જ્યાં સાંજ સવારે ભગતિ ઈબાદતના નિત વાગે નગારાં,
ગુજરાત છે અમરત ધારા, ગુજરાતી સૌથી ન્યારા,
જેના સંત ફકીરો ભગત શૂરાને વંદન વારંવારા,
ગુજરાત છે અમરતધારા, ગુજરાતી સૌથી ન્યારા.
આ સાવજની ધરતી છે, જેના હૈયાં હિમ્મતવાળાં,
જ્યાં એકબીજાને ચાહે ઝંખે, કોઈ ન વીંખે માળા,
જ્યાં મહેમાનો માટે માથા દયેં દઉં એને ભલકારા ...
ગુજરાત છે અમરતધારા ...
આ ચંદ્રની ઉપર ભલે પહોંચતી, વિશ્વની કોઈપણ જાતિ,
પણ દુકાન કરશે, ચંદ્રની ઉપર, પહેલો આ ગુજરાતી,
અમે દિલથી જીવીએ, દિલથી મરીએ, દિલ દઈ દઈ પરબારા ...
ગુજરાત છે અમરતધારા ...
હવે ધરમ કોમના થાય ન ભડકા, બૂરી નજર ના લાગે,
હવે આખી દુનિયા ઊજળી કરવા, સૌ ગુજરાતી જાગે,
આ 'સાંઈરામ' માગે, નભમાં ચમકે ગુર્જરના સિતારા ...
ગુજરાત છે અમરતધારા ...

– શ્રી. સાંઈરામ દવે

**જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે.**